ચોપાઇ- હવે કહું નર નિરમાન, જેને ભેટ્યા છે શ્રીભગવાન ।

તે પ્રભુ છે સહુના સ્વામી, કર્તા નિયંતા અંતરજામી ॥૧॥
જેની ભ્રકુટિ વિલાસમાંય, કોટિ બ્રહ્માંડ ભાંગે ને થાય ।
એવા સમર્થ શ્રીમહારાજ, સર્વે ઉપર છે અધિરાજ ॥૨॥
જે જે ધારે તે કારજય કરે, તે ફેરવ્યું કેનું નવ ફરે ।
સર્વે કારણના કારણ જેહ, તેણે ધર્યું પૃથ્વીપર દેહ ॥૩॥
એવા પુરુષોત્તમ પરબ્રહ્મ, જેને નેતિનેતિ કહે નિગમ ।
તેહ થઈ મનુષ્ય આકાર, કરે બહુ જીવનો ઉધ્ધાર ॥૪॥
મેલી પોતાની મોટ્યપ નાથ, મળી રહ્યા મનુષ્યને સાથ ।
થઈ નાથ આપે નિરમાન, કરે સંસારીનું સનમાન ॥૫॥
વળી સહે જગ ઉપહાસ, તોય ન કરે માન અવિનાશ ।
જોને ઋષભદેવે કેવું સહ્યું, અતિશે નિરમાનને ગ્રહ્યું ॥૬॥
જોને કપિલદેવ દયાળ, જેને મારવા ધાયા ભૂપાળ ।
જોને વામનજી નિરમાની, બળિદ્વારે વશ્યા વરદાની ॥૭॥
જોને રામ કેવા નિરમાન, નાગપાશે બંધાણા નિદાન ।
જોને કૃષ્ણ કેવા સમરથ, મેલી માન તાણ્યો ઋષિરથ ॥૮॥
એહ આદિ બહુ અવતાર, કહેતાં આવે નહિ તેનો પાર ।
જુવો વર્તમાન કાળે આજ, કેવા નિર્માની છે મહારાજ ॥૯॥
આપે સમર્થ ને સર્વે સહે, એવું નિરમાનીપણું ગ્રહે ।
કરે તુચ્છ જીવ તિરસ્કાર, તે પર રોષ ન કરે લગાર ॥૧૦॥
હવે એવા પ્રભુના જે દાસ, કહો કેમ ન સહે ઉપહાસ ।
જેના નિરમાની ભગવાન, તેના જનને જોયે કેમ માન ॥૧૧॥
માન રાખે તે રાક્ષસ દૈત્ય, જન હોય સદા માનજીત ।
માન જોઈએ હિરણ્યાક્ષ અંગ, જેણે યુધ્ધ કર્યો લેરી સંગ ॥૧૨॥
માન હિરણ્યકશિપુને જોઈએ, જેને જગમાં જીત્યા નહિ કોઈએ ।
માન જોઈએ રાવણ જેવાને, એહ આદિ રાક્ષસ એવાને ॥૧૩॥
માન જોઈએ કંસ ભૂપાળને, બીજા શાલવ શિશુપાળને ।
માન જોઈએ તે જરાસંધને, માન જોઈએ ધૃતરાષ્ટ્ર અંધને ॥૧૪॥

માન દુર્યોધનને તે જોઈએ, એહ આદિ એવા બીજા કોઈએ ।
એવા દુષ્ટને માનજ ઘટે, હરિજન તો માનથી હટે ॥૧૫॥
માને કરીને જય વિજય, વૈકુંઠ થકી પડિયા તેય ।
માને પડ્યો ઇંદ્ર સુરપતિ, માને પડ્યો નહુષ ભૂપતિ ॥૧૬॥
માને પડિયો રાજા યયાતિ, બીજા સુરાસુર પડ્યા અતિ ।
માને ચિત્રકેતુ કર્યો ચુર, થયો તેહ વળી વૃત્રાસુર ॥૧૭॥
માને દક્ષ પામ્યો અતિદુઃખ, થયું મોત ને વણશું મુખ ।
માને ગયું રાવણનું રાજ, માને થયું બહુનું અકાજ ॥૧૮॥
માને ગયું કૌરવનું કુળ, માને ગયું છે કંસનું મૂળ ।
માને સુર અસુર છે દુઃખી, માન રાખી થયા કોણ સુખી ॥૧૯॥
સ્વર્ગ મૃત્યુ પાતાળ મોઝાર, માને મારી મુક્યા નરનાર ।
કામ ક્રોધ લોભ કદિ જાય, પણ માન તેતો ન મુકાય ॥૨૦॥
નથી બીજા કોઈનો તે વાંક, માને રોળ્યા છે રાજા ને રાંક ।
એવો નર નજરે ન આવે, જેના મનને માન ન ભાવે ॥૨૧॥
ઘર તજી જાય કોઈ વન, એકાંત્યે બેસી કરે ભજન ।
અન્ન મુકી ફળ ફુલ ખાય, પણ માન તેતો ન તજાય ॥૨૨॥
કોઈ કરે તે નામ રટન, કોઈ કરે અવનિ અટન ।
ગંગા યમુના સરસ્વતી નાય, પણ માન તેતો ન તજાય ॥૨૩॥
કોઈ વધારે નખ ને કેશ, કરે તીર્થ ફરે દેશોદેશ ।
પહેરે નહિ પગરખાં પાય, પણ માન તેતો ન તજાય ॥૨૪॥
કોઈ ઉઘાડા રહે અવધૂત, કોઈ ભૂંસે અંગમાં ભભૂત ।
ધન નારીને નિકટ ન જાય, પણ માન તેતો ન તજાય ॥૨૫॥
કોઈ જ્ઞાની થઈ કરે જ્ઞાન, કોઈ ધ્યાની થઈ ધરે ધ્યાન ।
કોઈ ભક્ત થઈ ગુણગાય, પણ માન તેતો ન તજાય ॥૨૬॥
કોઈ રાખે કંથા ને ગોદડી, કોઈ રહે જીયાં તિયાં પડી ।
સહે શીત ઉષ્ણ અંગમાંય, પણ માન તેતો ન તજાય ॥૨૭॥
કોઈ રહે મુખે મૌન સાધી, કોઈ જમે નહિ અન્ન રાંધી ।

કાચું પાકું મળે તેવું ખાય, પણ માન તેતો ન તજાય ॥૨૮॥
કોઈ તપી થઈ કરે તપ, કોઈ જપી થઈ કરે જપ ।
મેલે વસન ભૂષણ ઈચ્છાય, પણ માન તેતો ન તજાય ॥૨૯॥
કવિ કોવિદ પંડિત પીર, યોગી યતી સતી શૂરવીર ।
માન ગયે મરવાને ચાય, પણ માન તેતો ન તજાય ॥૩૦॥
સર્વે મરે છે માનના માર્યા, માન આગળ્ય કઈક હાર્યા ।
એવા માનને મેલી મહાંત, ભાવે ભજે છે શ્રીભગવંત ॥૩૧॥
મેલી પિંડ બ્રહ્માંડનું માન, સંત સદા રહે ગુલતાન ।
અન્ય માનને જન ન ઈચ્છે, જેની મતિ તે મોટી થઈ છે ॥૩૨॥
આપે માને છે આતમારૂપ, સોહં મનાણું બ્રહ્મસ્વરૂપ ।
સ્થૂલ સૂક્ષ્મ કારણ દેહ, જાગ્રત સ્વપ્ન ને સુષુપ્તિ તેહ ॥૩૩॥
મન બુધ્ધિ ચિત્ત અહંકાર, પ્રાણ પંચ ઇંદ્રિય પરિવાર ।
પંચ દેવ સપ્ત ધાતુ જેહ, એહ સર્વે મળીને આ દેહ ॥૩૪॥
જેમ કહ્યો શરીરનો સાજ, તેમ બ્રહ્માંડનો છે સમાજ ।
તેને પાર પ્રકૃતિ પુરુષ, તેથી પર બ્રહ્મ એક રસ ॥૩૫॥
સત ચિત્ત આનંદ સ્વરૂપ, એવું મનાણું આપણું રૂપ ।
પછી બ્રહ્માદિ કીટ પર્યંત, તેમાં મોહ પામે કેમ સંત ॥૩૬॥
આપે થયા છે આતમારામ, દાસ સુખિયા પૂરણકામ ।
મેલી પિંડ બ્રહ્માંડનું માન, થયા બ્રહ્મરૂપ ગુલતાન ॥૩૭॥
એવા માનમાં મસ્ત છે જેહ, બીજા માનને ન ઈચ્છે તેહ ।
અવરમાં નથી ઉતાર્યું મન, કરવા પુરુષોત્તમ પ્રસન્ન ॥૩૮॥
એમ સમજ્યા સંત સુજાણ, તેને રહી નહિ કોઈ તાણ ।
એમ આદિ અંત્યે મધ્યે જન, તજી માન ભજ્યા ભગવન ॥૩૯॥
એવું સમજીને સંત આજ, કર્યું તન મને માન તાજ ।
થયા નિરમાની એમ સંત, જેને ભેટીયા શ્રીભગવંત ॥૪૦॥
તજી તનને મનનું માન, રહ્યા હરિમાંહિ ગુલતાન ।
કામ લોભ ને સ્વાદ સનેહ, મેલ્યા માન આદિ પંચ એહ ॥૪૧॥

શોધી શત્રુનો કર્યો સંહાર, જીત્યા જન થયો જેજેકાર ।
પંચ વૈરી મુવે ગયું પાપ, એહ પ્રકટ પ્રભુનો પ્રતાપ ॥૪૨॥
એહ પંચવૈરી પરચંડ, જેને વશ છે પિંડ બ્રહ્માંડ ।
તેને જીતીને પામ્યા આનંદ, જેને સ્વામી મળ્યા સહજાનંદ ॥૪૩॥

પૂર્વછાયો- સહેજે રહે સતસંગમાં, પંચ વરતને પરમાણ ।
કામ લોભ સ્વાદને, તજી સ્નેહ માન સુજાણ ॥૪૪॥
એહ રીત ત્યાગીતણી, એમ મુનિ રહે અનેક ।
હવે કહું સુણજ્યો સહુ, સાંખ્યયોગી બાઈયોની ટેક ॥૪૫॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે નિરમાની વ્રતમાન
કહ્યું એ નામે એકસો ને દશમું પ્રકરણમ્ ॥૧૧૦॥